પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૮૭, કુલ પાના:૪, તારીખ: ૨૯-૦૭-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 287 PRICE :-RS. 1.50 DATE : 29-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોદી કેબિનેટે DICGC એક્ટમાં ફેરફારને મંજૂરી આપી

# બેન્ક બંધ થાય કે ડૂબી જાય તો ગ્રાહકને ૫ લાખ રૂ.૯૦ દિવસમાં મળશે

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય કેબિનેટે ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન એક્ટ (DICGC) સુધારા બિલને મંજૂરી આપી દીધી છે. બિલ મંજૂર થયા બાદ બેંક બંધ થાય કે ડૂબી જાય તો ગ્રાહકોની ૫ લાખ રૂપિયા સુધીની રકમ સુરક્ષિત રહેશે. ડિપોઝિટરોને આ રકમ ૯૦ દિવસની અંદર મળશે. હાલ ગ્રાહકોની બેંકમાં જમા થયેલા એક લાખ રૂપિયા સુધી જ સુરક્ષિત હોય છે.જોકે સરકારે ૨૦૨૦માં જ ડિપોઝિટ વીમાની મર્યાદામાં ૫ ગણો વધારો કરવાની જાહેરાત કરી હતી, પરંતુ તેને કેબિનેટની મંજૂરી મળી ગઈ છે. તેને સંસદ દ્વારા મંજૂરી આપવાની બાકી છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે કહ્યું છે કે આ ખરડો સંસદના ચોમાસુ સત્રમાં જ રજૂ કરવામાં આવશે.પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ (PMC) બેંક ૨૦૨૦માં ડૂબ્યા પછી ડિપોઝિટ ઈન્શ્યોરન્સ વધારવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રીય બજેટમાં પણ નાણા મંત્રી નિર્મલા સીતારમણે ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોરપોરેશન (DICGC) એક્ટ, ૧૯૬૧માં સંશોધન કરવાની જાહેરાત કરી હતી. પરંતુ કોરોનાની બીજી લહેરના કારણે બજેટ સત્ર સ્થગિત કરી દેવાયું હતું.સરકારે ડિપોઝિટ ઈન્શ્યોરન્સમાં ૧૯૯૩ પછી ૨૭ વર્ષમાં પ્રથમવાર ફેરફાર કર્યો છે. વર્તમાન નિર્ણય ૪ ફેબ્રુઆરી ૨૦૨૦થી લાગુ ગણાશે. એટલે કે PMC, લક્ષ્મી વિલાસ બેંક અને યસ બેંકના ગ્રાહકોને તેનો લાભ થશે. DICGC એક્ટ ૧૯૬૧ ની કલમ ૧૬ (૧) મુજબ જો કોઈ બેંક ડૂબે કે દેવાળું કાઢે તો DICGC દરેક થાપણદારના પેમેન્ટ માટે જવાબદાર હોય છે. પહેલા આ જમા રકમ પર ૧ લાખ રૂપિયાનો વિમો હતો હવે તેને વધારીને ૫ લાખ કરી દેવાયો છે.ડિપોઝિટ ઈશ્યોરન્સ અંતર્ગત, ગ્રાહકનાં કુલ ૫ લાખ રૂપિયા સુરક્ષિત રહેશે. જો ગ્રાહકનું એક જ બેંકની વિવિધ શાખામાં અકાઉન્ટ હશે તો તમામ અકાઉન્ટમાં ડિપોઝિટ અમાઉન્ટ અને વ્યાજ જોડીને ૫ લાખ રૂપિયા સુધીની રકમ જ સુરક્ષિત ગણવામાં આવશે. જેમાં મૂડી અને વ્યાજ બંને સામેલ હશે.બેંકની તમામ ડિપોઝિટ DICGCના કાર્યક્ષેત્રમાં આવે છે, જેમાં સેવિંગ્સ, ફિક્સ્ડ ડિપોઝિટ સહિતના કરન્ટ અકાઉન્ટનો સમાવેશ થાય છે. કોઈપણ બેંકની નોંધણી કરતી વખતે DICGC તેમને મુદ્રિત ફોર્મ આપે છે. પત્રિકામાં ડિપોઝિટ કરનારને ઉપલબ્ધ વીમાની વિગતો સામેલ છે. આ વિગતો જાણવા માટે, ડિપોઝિટ કરનાર, બેંકના શાખા અધિકારી સાથે પૂછપરછ કરી શકે છે.

બાંયધરી રકમ વધારવા પર, લોકોને તે રકમ બરાબર પૈસા જમા કરાવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં, જેનાથી બેંકિંગ સિસ્ટમમાં લોકોનો વિશ્વાસ પણ વધશે. પરિણામે વધુ બચત થતા બેંક વધારે ધિરાણ આપી શકશે.

**પહેલાં આ લિમિટ ૧ લાખ રૂપિયા હતી, પરંતુ સરકારે વધારીને ૫ લાખ રૂપિયા કરી**

## કર્ણાટકના નવા મુખ્યપ્રધાન તરીકે બસવરાજ બોમ્મઈએ શપથ લીધા



બેંગ્લુરુ,

બસવરાજ બોમ્મઈ કર્ણાટકના નવા સીએમ બન્યા છે. રાજભવનમાં રાજ્યપાલ થાવરચંદ ગહેલોતે બોમ્મઈને પદના શપથ અપાવ્યા. આ પહેલા સોમવારના ધારાસભ્ય દળની બેઠકમાં રાજીનામું આપનારા પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પાએ જ મંગળવાના બોમ્મઈના નામનો પ્રસ્તાવ આપ્યો હતો. આને સર્વસંમતિથી પાસ કરી દેવામાં આવ્યો. ૨૮ જાન્યુઆરી ૧૯૬૦ના જન્મેલા બસવરાજ સોમપ્પા બોમ્મઈ મુખ્યમંત્રીની ખુરશી સંભાળવાથી પહેલા કર્ણાટકના ગૃહ, કાયદા, સંસદીય મામલાના મંત્રી પણ હતા.તેમના પિતા એસ.આર. બોમ્મઈ પણ રાજ્યના મુખ્યમંત્રી રહી ચુક્યા છે. મિકેનિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ બસવરાજે જનતા દળની સાથે રાજનીતિની શરૂઆત કરી હતી. તેઓ ધારવાડથી ૨ વાર ૧૯૯૮ અને ૨૦૦૪માં કર્ણાટક વિધાન પરિષદ માટે ચૂંટાયા. ત્યારબાદ તેઓ જનતા દળ છોડીને ૨૦૦૮માં ભાજપમાં સામેલ થયા. આ જ વર્ષે તેઓ હાવેરી જિલ્લાના શિગગાંમથી ધારાસભ્ય ચૂંટાયા. એન્જિનિયર અને ખેતીથી જોડાયેલા હોવાના કારણે બસવરાજ કર્ણાટકના સિંચાઈ મામલાના જાણકાર મનાય છે.રાજ્યમાં અનેક સિંચાઈ પ્રોજેક્ટ શરૂ કરવાના કારણે તેમની પ્રશંસા થાય છે. તેમને તેમના વિધાનસભા ક્ષેત્રમાં ભારતની પહેલી ૧૦૦ ટકા પાઈપ સિંચાઈ યોજના લાગુ કરવાનો શ્રેય પણ આપવામાં આવે છે. કર્ણાટકના ગૃહમંત્રી બસવરાજ બોમ્મઈ યેદિયુરપ્પાના માનીતા અને તેમના શિષ્ય છે. સૂત્રોનું માનીએ તો યેદિયુરપ્પાએ રાજીનામું આપતા પહેલા જ બોમ્મઈનું નામ ભાજપ હાઈકમાન્ડને આપ્યું હતું. લિંગાયત સમુદાયના મઠાધીશોની સાથે બેઠકમાં યેદિયુરપ્પાએ પોતાના તરફથી આ નામ સૌની સામે રાખ્યું હતું.

બસવરાજ બોમ્મઈ ઉપરાંત મુર્ગેશ નિરાની અને અરવિંદ બલ્લાડનું નામ પણ ચર્ચામાં રહ્યું. ત્રણેય લિંગાયત સમુદાયથી આવે છે, પરંતુ બસવરાજ બોમ્મઈ યેદિયુરપ્પાના નજીકના જ નહીં, તેમના શિષ્ય પણ મનાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘમાં પણ ઘણા લોકપ્રિય છે. માનવામાં આવે છે કે સંઘ અને યેદિયુરપ્પાની વચ્ચે તેમણે સાંકળનું કામ કર્યું છે. ભાજપના ટોચના નેતૃત્વએ લિંગાયત સમુદાય અને યેદિયુરપ્પાને સાધવા માટે બસવરાજ બોમ્મઈનું નામ નક્કી કર્યું. મ્તૅએ કર્ણાટકમાં ૩-૩ નિશાન સાધવાના હતા, જેમાં પહેલું બી.એસ. યેદિયુરપ્પા, બીજું લિંગાયત સમુદાય અને ત્રીજું ઈજીજી, આમ બસવારજને મુખ્યંત્રી બનાવીને ભાજપે એક સાથે ૩ નિશાન સાધી લીધા છે.

### હોંજર ગામે વાદળ ફાટતા ૮-૯ ઘરોને નુકસાન થયું

## જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં વાદળ ફાટતા છ લોકોના મોત, ૪૦થી વધુ લોકો લાપતા

કિશ્તવાડ

જમ્મુ કાશ્મીરના હોંજર ડચ્ચન ગામમાં વાદળ ફાટવાના કારણે ભારે તબાહી મચી છે. આ હોનારતના કારણે ૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ૪૦ લોકો લાપતા હોવાનું સામે આવ્યું છે. રેસ્ક્યુ માટે પોલીસ, સેના અને રેસ્ક્યુની અન્ય ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને લાપતા લોકોને શોધવા માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે.

જમ્મુ કાશ્મીરના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું કે, હોંજર ગામમાં વાદળ ફાટવાના કારણે ૮-૯ ઘરને નુકસાન થયું છે. મકાનોના કાટમાળ નીચેથી ૬ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે અને આર્મી તથા એસડીઆરએફની મદદથી બચાવ કામ ચાલી રહ્યું છે. ઘાયલોને એરલિફ્ટ કરવાની જરૂર હોવાથી આઈએએફનો પણ સંપર્ક સાધવામાં આવ્યો છે અને નૌસેનાની મદદ પણ લેવામાં આવશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, કિશ્તવાડ ખાતે વાદળ ફાટવાની ઘટનાને લઈ તેમણે જમ્મુ કાશ્મીરના એલજી અને ડીજીપી સાથે વાત કરી છે. એસડીઆરએફ, સેના અને સ્થાનિક પ્રશાસન બચાવની કામગીરીમાં લાગી ગયું છે અને એનડીઆરએફ પણ જોડાશે. મહત્તમ લોકોનો જીવ બચાવી શકાય તેને પ્રાથમિકતા આપવામાં આવી છે. અમિત શાહે શોકાકુળ પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

જિલ્લા પ્રશાસનના કહેવા પ્રમાણે ડચ્ચનની એવી જગ્યાએ આ ઘટના બની છે જ્યાં રસ્તા નથી. પોલીસ અને આર્મીની ટીમ ઘટના સ્થળે પહોંચી છે અને સ્થિતિનો તકાજો મેળવવામાં આવી રહ્યો છે.

આ તરફ હિમાચલ પ્રદેશમાં પણ અચાનક પૂર આવવાના કારણે એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો હતો અને ૯ લોકો લાપતા છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડાયરેક્ટર સુદેશ કુમાર મોખ્તાએ જણાવ્યું કે, વાદળ ફાટવાના કારણે લાહૌલ-સ્પિતિ જિલ્લામાં અચાનક પૂર આવવાથી એક વ્યક્તિનું મોત થયું છે અને ૯ લોકો લાપતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે કિશ્તવાર અને કારગીલમાં વાદળ ફાટવાની દુર્ઘટના પર કેન્દ્ર સરકાર ચાંપતી નજર રાખી રહ્યું છે. પ્રભાવિત વિસ્તારોને શક્ય તમામ મદદ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આશા રાખીએ કે તમામ લોકો સુરક્ષિત હશે. વાદળ ફાટવાથી ધસમસતા પૂરને લીધે કેટલાક મકાનો તણાઈ ગયા હતા જેમાં છ લોકોના મોત થયા હોવાનું સ્થાનિક અધિકારીએ જણાવ્યું હતું.

## ઉ.પ્રદેશના બારાબંકી ખાતે ટ્રકે બસને ટક્કર મારતા જીવલેણ અકસ્માત: ૧૮ના મોત



બારાબંકી,

ઉત્તર પ્રદેશના બારાબંકી ખાતે ભારે મોટો રોડ અકસ્માત નોંધાયો છે. એક ટ્રકે બસને પાછળથી ટક્કર મારી દીધી હતી અને અથડામણ એટલી જોરદાર હતી કે રસ્તા પર મૃતદેહો ફેલાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ૧૮ લોકો માર્યા ગયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે અને એક ડઝન કરતા પણ વધારે લોકોને ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. બારાબંકીના રામસનેહી ઘાટ પાસે અયોધ્યા-લખનૌ હાઈવે પર અડધી રાતે આ દુર્ઘટના થઈ હતી. જાણવા મળ્યા મુજબ બસ હરિયાણાના પલવલથી બિહાર જઈ રહી હતી. બસમાં મજૂરો સવાર હતા જે બિહાર પાછા ફરી રહ્યા હતા. બસમાં આશરે ૧૪૦ મુસાફરો સવાર હતા અને તે પૈકીના ૧૮નું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. ઘાયલોના કહેવા પ્રમાણે તે સૌ પંજાબ અને હરિયાણામાં મજૂરી કરતા હતા અને બિહાર પોતાના ઘરે પાછા ફરી રહ્યા હતા. બારાબંકીના એસપી યમુના પ્રસાદે ઘટનાની વિગતો આપતા જણાવ્યું કે, બસનો એક્સલ તૂટવાના કારણે તે થાણા રામસનેહીઘાટના ઢાબા પાસે ઉભી રહી હતી. તે સમયે રાતે પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે પાછળથી ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં ૧૮ લોકોના મોત થયા છે અને ૨ ડઝન કરતા પણ વધારે લોકોને ઈજાઓ પહોંચી છે. બારાબંકી અને લખનૌના ટ્રોમા સેન્ટર ખાતે તમામ ઘાયલોની સારવાર ચાલી રહી છે. તેઓ હરિયાણાથી બિહાર જઈ રહ્યા હતા. પોલીસના કહેવા પ્રમાણે માર્યા ગયેલા મજૂરો બિહારના સીતામઢી, દરભંગા અને બાકીની જગ્યાઓના હતા. આ અકસ્માતનો મૃતકઆંક હજુ પણ ઉંચો જાય તેવી આશંકા સેવાઈ રહી છે. અકસ્માત બાદ જેસીબી દ્વારા રેસ્ક્યુ કામ શરૂ કરવામાં આવ્યું હતું અને પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુર્ઘટનાને લઈ દુખ વ્યક્ત કર્યુ હતું. સાથે જ તેમણે જિલ્લા પ્રશાસનને ઘાયલોની મફતમાં સારવાર કરવા નિર્દેશ પણ આપ્યો હતો.

## સ્થિતિ સામાન્ય થશે ત્યારે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાશે



કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે બુધવારે રાજ્યસભામાં કહ્યું કે, સામાન્ય સ્થિતિ જળવાશે ત્યારે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામા આવશે. રાયે આ વાત શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીના સવાલમાં જવાબમાં કહી હતી.

પ્રિયંકા ચતુર્વેદીએ પુછ્યું હતું કે, ભવિષ્યમાં જમ્મુ-કાશ્મીર રાજ્યને દરજ્જા માટે કેન્દ્ર પાસે શું પ્રસ્તાવ છે. જણાવી દઈએ કે, ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ના અંત બાદ જમ્મુ-કાશ્મીર રાજ્ય પાસેથી દરજ્જો છીનવી લેવામાં આવ્યો હતો. પૂર્વવર્તી રાજ્યને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ એમ બે કેન્દ્ર શાસિત પ્રદેશો બનાવવામાં આવ્યા હતા. સાંસદ ચતુર્વેદીએ એમ પણ પુછ્યું કે શું સરકાર રાજ્યમાં સંચાર માધ્યમો પર એક વર્ષથી વધારે સમયથી લાગુ પ્રતિબંધો હટાવવાનો પ્રયાસ કરી રહી છે.

કેન્દ્રીય મંત્રી રાયે અન્ય એક સવાલના જવાબમાં રાજ્યસભાને એમ પણ જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદથી સંબંધિત ઘટનાઓ ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૦માં ૫૯ ટકા ઘટી છે. અને જૂન ૨૦૨૧ સુધી તેમાં ૩૨ ટકાનો ઘટાડો આવ્યો છે. રાજ્યસભામાં આપેલ લેખિત જવાબમાં રાયે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં દુકાનો તેમજ વ્યવસાયિક સંસ્થા, સરકારી ઓફિસ, શિક્ષા સંસ્થા, લોક પરિવહન સામાન્ય રીતે ચાલી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીએ એમ પણ કહ્યું કે, કેન્દ્ર સરકાર આતંકવાદની સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે. આ માટે સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી રહી છે. આતંકી સંગઠનોથી નિપટવા માટે ઘેરાબંધી તેમજ તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## કોરોનાકાળમાં ગૂગલ સર્ચ, યૂટ્યૂબને રેકોર્ડ આવક થઈ

સાન ફ્રાન્સિસ્કો,

કોરોનાવાઈરસ વૈશ્વિક રોગચાળાના ફેલાવા દરમિયાન ગૂગલ સર્ચ એન્જિન અને ગૂગલની માલિકીના ઓનલાઈન વિડિયો શેરિંગ અને સોશિયલ મિડિયા પ્લેટફોર્મ યૂટ્યૂબ પર જાહેરખબરનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. ગૂગલે તેના જૂન-ક્વાર્ટરમાં ૬૧.૮૮ અબજ ડોલરની વિક્રમસર્જક આવક નોંધાવી છે.ગૂગલ સર્ચને જાહેરખબરમાંથી ૩૫.૮ અબજ ડોલર (૬૮ ટકા)ની વિક્રમસર્જક આવક થઈ છે જ્યારે યૂટ્યૂબને ૭ અબજ ડોલરની કમાણી થઈ છે, જે ગયા વર્ષે આ જ, જૂન ક્વાર્ટરની ૩.૮ અબજ ડોલરની આવક કરતાં બમણા જેટલી છે. ગૂગલ ક્લાઉડની આવક ૪.૬૩ અબજ ડોલર થઈ છે જે એ વર્ષ પહેલાં ૩.૦૧ અબજ ડોલર હતી. ગૂગલ અને આલ્ફાબેટના સીએફઓ રુથ પોરાટે કહ્યું કે જૂન ક્વાર્ટરમાં થયેલી તોતિંગ આવક દર્શાવે છે કે ગ્રાહક ઓનલાઈન એક્ટિવિટી ખૂબ વધી છે અને જાહેરખબર પાછળનો ખર્ચ પણ ઘણો વધી ગયો છે.

## રાહુલ ફોનની તપાસ કેમ નથી કરાવતા?: ભાજપનો પલટવાર



ન્યુ દિલ્હી

ભાજપના પ્રવકતા સંબિત પાતરાએ કહ્યું હતું કે રાહુલ ગાંધીને પોતાની જાસૂસીની આશંકા છે, તો પાછી તેઓ પોતાના ફોનની ફોરેન્સિક તપાસ શા માટે નથી કરાવતા? તેમના ફોનમાં એવું શું છુપાયેલું છે જેને તેઓ છુપાવી રહ્યા છે.સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધી સહિત વિપક્ષના તમામ નેતા સંસદની કાર્યવાહી ચાલવા નથી દઈ રહ્યા. જનતા સંસદમાં કોરોના મુદ્દે ચર્ચા કરવા માંગતી હતી, પરંતુ વિપક્ષે તેવું થવા ન દીધું. રાહુલ કહી રહ્યા છે કે તેમના ફોનમાં હથિયાર છે. તેમણે પોલીસમાં ફરિયાદ કરવી જોઈએ. શું કારણ છે કે તેઓ ફોનની ફોરેન્સિક તપાસ નથી કરાવી રહ્યા? તેમના મોબાઈલમાં એવું શું છે, જેથી તેઓ તપાસ કરાવવાથી ડરી રહ્યા છે. જો અમારા અથવા તમારા ફોનમાં હથિયાર હશે તો શું અમે ઘરે બેસી રહીશું? બિલકુલ નહીં.

**શહેરા નગર પાલિકા**
**જાહેર નિવિદા**
**ટેન્ડર નોટીસ નં.૦૪, વર્ષ ૨૦૨૦-૨૧**

મુખ્ય અધિકારી, નગર પાલિકા શહેરા દ્વારા ૧૫મું નાણાપંચ યોજના વર્ષ ૨૦૨૦-૨૧ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં શહેરા સ્મશાન ડેવલોપમેન્ટના કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૯૬,૨૧,૦૮૬.૫૮ છે.

ટેન્ડર તા.૧૦/૦૮/૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૧૩/૦૮/૨૦૨૧ સમય ૧૪.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે. ટેન્ડર તા.૧૭/૦૮/૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેમાં ટેન્ડર કર્તાઓએ અત્રેની કચેરીમાં અવશ્ય હાજર રહેવાનું રહેશે.

| એસ.પી.પટેલ | વી.જી.પંચાલ | યુ.એન.નાયકા |
|---|---|---|
| ઈ.ચા.ચીફ ઓફીસર | કારોબારી અધ્યક્ષ | પ્રમુખ |
| નગરપાલિકા, શહેરા | નગરપાલિકા, શહેરા | નગરપાલિકા શહેરા |

માહિતી/ગોધરા/૩૭૭/૨૦૨૧

## કંઈ પણ થઈ જાય ૧૫ ઓગસ્ટના રોજ ઝંડો તો દિલ્હીમાં જ ફરકાવાશે: ટિકૈત

ન્યુ દિલ્હી,

ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું છે કે, કંઈપણ થઈ જાય, ૧૫ ઓગષ્ટના ઝંડો તો દિલ્હીમાં જ ફરકાવવામાં આવશે. ટિકૈતે કહ્યું કે, દિલ્હીમાં અમને કોઈ ચોક આપવામાં આવે, અમે એ જગ્યા પર જ તિરંગો ફરકાવશું. રાકેશ ટિકૈતે કહ્યું કે, કંઈપણ થઈ જાય પરંતુ અમે એ જગ્યાએ જ તિરંગો ફરકાવીશું. તેમણે કહ્યું કે, ભલે આ માટે હવાઈ માર્ગનો ઉપયોગ કરવો પડે.હવાઈ માર્ગથી શું મતલબ છે? તેના જવાબમાં ટિકૈતે કહ્યું કે, ડ્રોનથી લઈ જવામાં આવશે તિરંગો. દિલ્હીની જમીન પર ખેડૂતોનો ઝંડો ફરકાવવામાં આવશે, ભલે હવાઈ માર્ગથી લઈ જવામાં આવે. રાકેશ ટિકૈતે કહ્યું કે, દિલ્હીમાં ખેડૂતો માટે ૫ ગજ જમીન પણ ના મળી શકે? અમને દિલ્હીમાં ૫ ગજ જમીન આપી દો. અક્ષરધામની પાસે જે ચોક છે ત્યાં તિરંગો ફરકાવાની પરવાનગી આપી દો. દિલ્હીની બહાર પણ તિરંગો ફરકાવી શકો છો તેવું પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, ના ખેડૂતો ઝંડો તો દિલ્હીમાં જ ફરકાવશે.૨૬ જાન્યુઆરીના પરવાનગી આપી હતી અને પછી શું થયું? તેના જવાબમાં ટિકૈતે કહ્યું કે, કોઈ તપાસ એજન્સી હોય તો તપાસ કરાવી લો, કંઈ પણ નથી થયું. થોડાક દિવસ પહેલા ટિકૈતે કહ્યું હતું કે, લખનૌ પણ દિલ્હી જેમ બનાવવામાં આવશે. બીજી તરફ ખાલિસ્તાન સમર્થક સંગઠન શીખ ફોર જસ્ટિસ (જીહ્વત્ર)એ એકવાર ફરી ભારત વિરોધી ષડયંત્ર રચ્યું છે. આ વખતે સંગઠન તરફથી તિરંગાનું અપમાન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિવાદાસ્પદ પોસ્ટર જારી કરવામાં આવ્યા છે. ખાલિસ્તાન સમર્થક આ સંગઠન હવે ૧૫ ઓગષ્ટના દિલ્હીને ઘેરવાનો પ્લાન બનાવી રહ્યું છે.

જાણકારી પ્રમાણે શીખ ફોર જસ્ટિસના ભારત વિરોધી ષડયંત્રનો પર્દાફાશ થઈ ગયો છે. સંગઠને ૧૫ ઓગષ્ટના દિલ્હીના રસ્તાઓને બ્લોક કરવાનું ષડયંત્ર રચ્યું છે. શીખ ફોર જસ્ટિસનું ષડયંત્ર છે કે પંજાબ, કાશ્મીર, બંગાળને ભારતથી અલગ કરવામાં આવે. આ ઉપરાંત સંગઠન દેશભરમાં ટ્રેક્ટર રેલીથી માહોલ બગાડવાનું ષડયંત્ર રચી રહ્યું છે. જો કે ખેડૂત આંદોલન અને ચોમાસુ સત્રાને લઈને સુરક્ષા એજન્સીઓ પહેલાથી જ એલર્ટ છે અને દિલ્હીમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

# મહિસાગર જીલ્લામાં તા. ૨જી ઓગસ્ટ સંવેદના દિને શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં ૦૯ સેવા સેતુ કાર્યક્રમો યોજાશે

લુણાવાડા, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની વર્તમાન સરકારને પાંચ વર્ષ પુરાં થવાના ઉપલક્ષ્યમાં રાજ્યભરમાં વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો યોજવામાં આવનાર છે. તેને અનુલક્ષીને મહીસાગર જિલ્લામાં જનસુખાકારીના વિવિધ કાર્યક્રમો જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં તા.૨–૮–૨૦૨૧ નાં રોજ સંવેદના દિનની ઉજવણી અંતર્ગત સામાન્ય માનવીને એક જ સ્થળેથી સરકારની વિવિધ યોજનાઓના લાભ મળી રહે તે હેતુથી મહીસાગર જિલ્લાની ૦૩ નગરપાલિકાઓમાં ૦૩ અને ૬ (૬) તાલુકાઓમાં ૦૬ મળી કુલ–૦૯ સેવા સેતુ કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

આ સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૬ જેટલી વ્યકિતલક્ષી સેવાઓનો લાભ નાગરિકોને પ્રાપ્ત થશે. જેમાં નાગરિકોને આવક, જાતિ, ક્રિમિલિયર, ડોમીસાઈલ પ્રમાણપત્રોને લગતા દાખલાઓ, કુંવરબાઈનું મામેરૂં યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, કસ્તુરબા પોષણ સહાય યોજના, રેશનકાર્ડને લગતીઓ અરજીઓ, ગંગા સ્વરૂપા યોજના, વૃદ્ઘ નિરાધાર સહાય યોજના જેવી કામગીરી કરવામાં આવનાર હોઈ આ વિસ્તારના અને કલ્સ્ટરમાં આવતાં ગામોના નાગરિકોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારએ અપીલ કરી છે. કલેક્ટરએ વધુમાં નાગરિકોને સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન કોવિડ–૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવા સહિત કાર્યક્રમ દરમિયાન ફરજિયાત માસ્ક પહેરીને આવવા અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા પણ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં જે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવનાર છે તેમાં જિલ્લાની ૦૩ નગરપાલિકાઓ પૈકી સંતરામપુર નગરપાલિકામાં પ્રતાપપુરા મેદાન ખાતે, લુણાવાડા નગરપાલિકાનો નગરપાલિકા કચેરીમાં અને બાલાસિનોર નગરપાલિકાનો બાલાસિનોર નગર સેવા સદન ખાતે યોજવામાં આવનાર છે. આજ રીતે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાનો ગોઠીબ ગામમાં પ્રાથમિક શાળા ખાતે, કડાણા તાલુકાનો મુનપુર પ્રાથમિક શાળા ખાતે, લુણાવાડા તાલુકાના વિરણિયા પ્રાથમિક શાળા ખાતે, ખાનપુર તાલુકાનો ખૂટેલાવ પ્રાથમિક શાળા ખાતે, બાલાસિનોર તાલુકાનો જોરાપુરા હાઈસ્કૂલ ખાતે અને વિરપુર તાલુકાનો બારોડા પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવનાર છે.

# બાલાસિનોર અર્બન હેલ્થ ખાતે રકતદાન કેમ્પા યોજાયો
## રકતદાતાઓએ પોતાના રકતનું દાન કરી રકતદાન-મહાદાન મંત્રને સાર્થક કર્યો

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોરોના વાયરસની સંભવીત ત્રીજી લહેરને પહોચીવળવા તેમજ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રકત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્યણ તંત્ર દ્વારા જિલ્લામાં અવાર–નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર ડો.મુનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં બાલાસિનોર તાલુકા હેલ્થ ઓફિસર વાટેલીયા અને બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર ખાતે ડો.દેવેન્દ્ર અને તેમની આરોગ્ય ટીમ, રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન કેમ્પ યોજાઇ ગયો.

બાલાસિનોર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પ માં ૫૪ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામે સંભવીત ત્રીજી લહેરની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન–મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રકતદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તેની કાળજી રાખવામાં આવી હતી. આ રકતદાન કેમ્પમાં ૫૪ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે સુચારૂં આયોજન કર્યું હતું.

આ રકતદાન કેમ્પ દરમિયાન રકતદાતાઓને માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વમજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધીતિઓ અપનાવવા અને યોગ–વ્યાસયામ ઈત્યારદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

# લુણાવાડા ખાતે તા.૧લી ઓગસ્ટના રોજ નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ-૩ની યોજાનાર પરીક્ષા

લુણાવાડા, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૧/૮/૨૦૨૧ના રોજ નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર, વર્ગ–૩ની જાહેર પરીક્ષા મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતેની કિસાન માધ્યમિક વિદ્યાલય, પંચશીલ હાઈસ્કૂલ, એસ.કે.હાઈસ્કૂલ, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, આદર્શ વિદ્યાલય, બ્રાઈટ મા. અને ઉ.મા. શાળા, બ્રાઈટ ડે સ્કૂલ, આદિત્ય ઈંગ્લીશ સ્કૂલ, કલરવ વિદ્યામંદિર, સરદાર પટેલ વિદ્યાલય, ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલ, હાજી જી.યુ.પટેલ હાઈસ્કૂલ, વેલ્હેમ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, બુરહાની ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ, કલવર સ્કૂલ ઓફ સાયન્સ અને વાઈબ્રેન્ટ વેવ્સ એકેડેમીના પરીક્ષા કેન્દ્રો /બિલ્ડીંગો ઉપર લેવામાં આવનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતિના પ્રલોભનમાં આવ્યા વગર પરીક્ષા આપી શકે તે માટે મહીસાગર–લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ. આઈ. સુથારએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪થી મળેલ સત્તાની રૂઈએ આ પરીક્ષા કેન્દ્રો/ બિલ્ડીંગો ખાતે તા. ૧/૮/ ૨૦૨૧ના રોજ સવારના ૮–૦૦ થી બપોરના ૧૬–૦૦ કલાક દરમિયાન કેટલાંક કૃત્યો કરવા પર મનાઈ ફરમાવી છે. તદ્અનુસાર આ પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોની ચર્તુદિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અન વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહીં કે મંડળી ભરવી નહીં તેમજ અધિકૃત અધિકારીઓ/કર્મચારીઓ તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઈપણ ઈસમને આ ૨૦૦ મીટરની ત્રિજયામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ ઉપરાંત પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓની અવરજવર કરવા, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ–વિક્ષેપ–ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવા કે કરાવવા ઉપર, પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફે પરીક્ષા સંબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્યુકેલેટર તથા તેવા બીજા ઈલેકટ્રોનિકસ ગેઝેટસ/ ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યકિત અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ–લે કરવી કે કરાવવા ઉપર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી આ પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેકસ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમિયાન સવારના ૮–૦૦ થી સાંજના ૨૦–૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ બિનજરૂરી ટોળા ભેગા થવા પર, કોઈ અનઅધિકૃત વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવા પર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં માઈક/લાઉડ સ્પીકર/ ડી.જે. સાઉન્ડ વગાડવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ હુકમથી મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીઓ તથા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના તાબા હેઠળના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટઓને આ જાહેરનામાનો ભંગ કરવા ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ–૧૮૬૦ની કલમ–૧૮૮ મુજબ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને જો તેવા અનાદર, કાનૂની રીતે કામે રાખેલ વ્યકિતઓને અવરોધ, ત્રાસ કે હાનિ પહોંચાડે તેમ હોય અથવા તે અંગેનું જોખમ ઉત્પન્ન કરે તેમ હોય તો તેને એક (૧) માસ સુધીની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/– સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે અને જો આવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મૂકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય તેમ હોય તો તેને છ (૬) માસ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તો બંને સજા થશે.

# સંતરામપુર તાલુકા પંચાયતમાં હિસાબી અધિકારીની જગ્યા ખાલી રહેતા કામગીરીમાં વિલંબ



સંતરામપુર, સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં છેલ્રા બે મહિનાથી હિસાબી અધિકારીની જગ્યા ખાલી હોવાના કારણે તાલુકા પંચાયતની અન્ય કામગીરી વિલંબ થઈ રહેલી છે અને કારણે મુશ્કેલી ઊભી થયેલી છે. જગ્યા ખાલી હોવાના કારણે સંતરામપુર તાલુકા પંચાયતમાં અને ગ્રામ પંચાયતોમાં વિકાસના કામો થયાં આના કારણે મોટાભાગની રકમ અટવાયેલી જોડાયેલી છે. તાલુકા પંચાયત કચેરીના તલાટીને કર્મચારીનો પગાર પણ ફરી શકાતું નથી. નિયમ અને હિસાબી અધિકારી ની જગ્યા ખાલી હોવાથી તમામ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે હિસાબી અધિકારી જગ્યા ભરવા બાબત જિલ્રામાં રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી જગ્યા ખાલી હોવાના કારણે કામગીરીમાં વિલંબ થઈ રહી હતી.

# મહીસાગર જિલ્લો કોરોનામુકત
## સતત આડત્રીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્રા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્રા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્રા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જિલ્રામાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ નથી.મહીસાગર જિલ્લામાં સતત આડત્રીસમાં દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા આડત્રીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુક્ત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં જિલ્રામાં સીઝનલફલુ / કોરોનાના કુલ ૩૧૫૮૦૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્રા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# કોરોનાના ખાનગી લેબોરેટરીમા RT - PCR ટેસ્ટના ભાવમાં ઘટાડો કરતી રાજ્ય સરકાર

લુણાવાડા, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોનાની પરિસ્થિતિ સંદર્ભે કોરોનાના દર્દીઓના ખાનગી લેબોરેટરીમાં RT - PCR ટેસ્ટ કરવામાં આવે છે. તેમાં ટેસ્ટીંગના દરોમાં નાગરિકોને ફાયદો થાય તે માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અદયક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં ચર્ચા – વિચારણા કર્યા બાદ ટેસ્ટીંગના ભાવમાં ઘટાડો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તેમણે ઉમેર્યું કે, કોરોના સંદર્ભે હોસ્પિટલમાંથી અથવા દર્દીના ઘરે જઈને જે સેમ્પલ લઈને કરાતાં ટેસ્ટીંગના ચાર્જમાં અત્યારે રૂ. ૯૦૦ લેવાય છે. તેમાં રૂ. ૩૫૦ નો ઘટાડો કરી રૂ.૫૫૦ અને લેબોરેટરીમાં જે ટેસ્ટીંગ કરવામાં આવે છે. તેનો ચાર્જ અત્યારે રૂ. ૭૦૦ છે. તેમાં રૂ. ૩૦૦નો ઘટાડો કરી રૂ. ૪૦૦, એરપોર્ટ પર થતાં એબોટ આઈડી રેપીડ આર.ટી.પી.સી.આર. ટેસ્ટના ચાર્જમાં રૂ.૧૩૦૦નો ઘટાડો કરી રૂ.૨૭૦૦ તથા એચ.આર.સી.ટી. ના ચાર્જમાં રૂ. ૫૦૦નો ઘટાડો કરી રૂ. ૨૫૦૦ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડાના નિર્ણય તા.૦૧.૦૮.૨૦૨૧ થી રાજ્યની તમામ ખાનગી લેબોરેટરીઓએ અમલ કરવાનો રહેશે. રાજ્યભરમાં કોરોના સંદર્ભે ગુજરાત રાજ્યની સરકારી લેબોરેટરી દ્વારા RT - PCR તથા એન્ટીજન ટેસ્ટ વિનામૂલ્ય કરવામાં આવી રહ્યાં છે. તેની વિગતો આપતા નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, તા. ૨૭.૦૭.૨૦૨૧ ના રોજ RT - PCR ના ૪૪,૬૬૬ એન્ટીજનના ૧૭,૮૯૨ ટેસ્ટ મળી કુલ –૬૨,૫૫૮ જ્યારે અત્યાર સુધીમાં RT - PCR ના ૯૧,૫૫,૯૩૬ અને એન્ટીજનના ટેસ્ટ ૧,૬૧,૯૯,૮૫૩ મળી કુલ – ૨,૫૩,૫૫,૭૯૩ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે.

# મહિસાગર જિલ્રા બાળ સુરક્ષા સમિતિ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની જિલ્લા કલેકટર ડો. મનિષ કુમારના અધ્યક્ષસ્થાને ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ

લુણાવાડા, જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ જિલ્લાના તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓ તથા કમિટીના સભ્યોને બાળકોના ઉત્થાન અને સર્વાંગી વિકાસ માટે સંવેદનશીલતાથી કામ કરવાનો અનુરોધ કર્યો હતો. આજે મહીસાગર–લુણાવાડા ખાતે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્રા કલેકટર ડો. મનિષકુમારના અધ્યક્ષ સ્થાને જિલ્રા બાળ સુરક્ષા સમિતિ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી.બેઠકમાં જિલ્રા કલેકટરએ જિલ્રા બાળ સુરક્ષા સમિતિ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન કરવામાં આવેલ કામગીરીની વિગતો મેળવી કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને કેટલાંક જરૂરી સૂચનો કરી માર્ગદર્શન પુરૂં પાડયું હતું. કલેકટર ડો. મનિષ કુમારએ જિલ્લાતાલુકાના સંબંધિત તમામ અધિકારીઓને મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા એક કોરોના સમયગાળા દરમ્યાન અનાથ બાળકો સિવાય એટલે કે માતા કે પિતાની છત્રછાયા ગુમાવેલ એક વાલીવાળા બાળકોને પણ આ યોજનામાં સમાવેશ કરવાનો લેવામાં આવેલ સંવેદનશીલ નિર્ણયની જાણકારી આપી જિલ્લામાં જો આવા કોઈ એક વાલી બાળકોની જાણકારી હોય તો તેની પ્રાથમિક માહિતી મેળવી જેવી કે, નામ, સરનામું, કોન્ટેકટ નંબર વિગેરે મેળવી જિલ્રા બાળ સુરક્ષા એકમની કચેરીને મોકલી આપવાનું જણાવી સંવેદનશીલતાથી કામ કરવા સુચવ્યું હતું. આ બેઠકમાં જિલ્રા બાળ સુરક્ષા અધિકારી નિરવ પંડ્યા દ્વારા બાળકોના શ્રેષ્ઠ હિતમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી આપી હતી. આ બેઠકમાં જિલ્રા પંચાયત પ્રમુખ રમીલાબેન, ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ સહિત જિલ્રા બાળ સુરક્ષા સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૯-૦૭-૨૦૨૧, ગુરૂવાર, અષાઢ વદ-૬, સૂર્યોદય-૫-૩૯, સૂર્યાસ્ત-૭-૧૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૩-૨૭ થી ૧૩-૨૦ સુધી, ૬-૧૯ થી શુભ ૭-૫૭ સુધી, ૧૧-૧૫ થી ચલ-લાભ-અમૃત ૧૬-૧૦ સુધી, ૧૭-૪૯ થી શુભ-અમૃત-ચલ ૨૨-૧૧ સુધી

- શુભ હોરા-
૬-૧૯ થી ૭-૨૫ સુધી, ૯-૩૬ થી ૧૨-૫૩ સુધી, ૧૩-૫૯ થી ૧૫-૦૫ સુધી, ૧૭-૧૬ થી ૨૦-૨૨ સુધી

# દૈનિક રાશીફળ

તા.૨૯.૦૭.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ.

વૃષભ(બ.વ.ઉ.):- કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે- અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો.

કર્ક(ડ.હ.):- એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે.

સિંહ(મ.ટ.):- તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે.

કન્યા(પ.ઠ.ણ.):- સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

તુલા(ર.ત.):- અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. બાળકો કેટલાકજબરજસ્ત સમાચાર લાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

મકર(ખ.જ.):- સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે.

કુંભ(ગ.શ.સ.):- આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

મીન(દ.ચ.ઝ.):- તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

# લીમખેડામાં રૂપિયા ૧૩ કરોડોના ખર્ચે તૈયાર થનાર ભૂગર્ભ યોજનાની કામગીરીને ૧૦ વર્ષ વિતવા છતા કામગીરી પૂર્ણ નહિ કરાતા ગ્રામજનોમા આક્રોશ

- ગ્રામજનો દ્વારા રાજનેતાઓ અને અધિકારીઓને વારંવાર રજુઆત કરવા છતા કોઈના પેટનુ પાણી હાલતુ નથી.
- કામગીરી અધુરી હોવા છતા એજન્સીને નાણાંની ચુકવણી કરી દેવાતા અનેક પ્રશ્નો ઉઠ્યા.
- રાજનેતાઓને લીમખેડાની ભૂગર્ભ ગટરનુ યોજના પુર્ણ કરાવી લોકાર્પણ કરવામા કેમ રસ નથી.

લીમખેડા,

લીમખેડા નગરમા જનતાની સુખાકારી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ વર્ષ અગાઉ અંદાજીત રૂપીયા ૧૩ કરોડ ના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના અમલ મા મુકી હતી પરંતુ દસ દસ વર્ષ ના વાણા વિતવા છતા લીમખેડા નગરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી અધુરી રહેતા નગરજનોમા ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા નાગરિકોની સુવિધાઓમાં વધારો કરવાના શુભ આશય થી તાલુકા કક્ષાના ગામોમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરી હતી. જે યોજનામા લીમખેડા નગરનો પણ સમાવેશ કરવામા આવ્યો હતો. લીમખેડામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી શરૂ થતા ગ્રામજનોમા ખુશી જોવા મળી હતી. ગ્રામજનોને એમ હતું કે, ભૂગર્ભ ગટર યોજના શરૂ થશે તો લોકોને ખાળકુવા પાછળ થતા ખર્ચ માથી મુક્તિ મળશે અને પાણીના બોર તેમજ હેન્ડપંપમાં આવતું ગંદુ પાણી બંધ થશે, પરંતુ લીમખેડાના ગ્રામજનોની આ તમામ આશાઓ પર પાણી ફરી વળ્યુ છે. લીમખેડાની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી શરૂ કર્યાને આજે દસ વર્ષ જેટલો સમય વિતવા છતા કામગીરી પૂર્ણ કરવામા આવી નથી. ગ્રામજનો દ્વારા લીમખેડા ગ્રામ પંચાયત થી લઈને છેક રાજ્ય સરકાર ના મંત્રાલયો સુધી રજુઆતો કરી પરંતુ આજ દિન સુધી કોઈ અધિકારીઓ કે રાજનેતાઓએ લીમખેડાની ભૂગર્ભ ગટર યોજના શરૂ થાય તે બાબતે કોઈજ કાર્યવાહી કરી નથી. જેના કારણે લીમખેડાના ગ્રામજનોમા તંત્ર અને રાજકીય નેતાઓ સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા લીમખેડા નગરની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજીત રૂપિયા તેર કરોડોની ફાળવણી તો કરી પરંતુ જમીની સ્તર પર કામગીરી થઈ છે કે નથી થઈ તે જોવા વાળુ કોઈ નથી, સરકારો જનતા પાસેથી વિવિધ ટેક્સ રૂપે લાખો કરોડ રૂપીયા ઉઘરાવી રહી છે, પરંતુ જનતાના ટેક્સ ના રૂપીયા જનતા માટે ખરેખર વપરાય છે કે કેમ? તે જોવાની તસ્દી પણ સરકાર ના મંત્રી કે અધિકારીઓ લેતા નથી, લીમખેડા ભૂગર્ભ ગટર ની કામ કરતી અમદાવાદની એજન્સી દ્વારા દસ વર્ષ પુરા થવા આવ્યા હોવા છતા કામગીરી આજદિન સુધી પુર્ણ કરવામા આવી નથી કે, નગરજનોને ભૂગર્ભ ગટર ના કનેક્શન પણ આપવામા આવ્યા નથી, તો નગરમા કેટલીક જગ્યાએ તો ભૂગર્ભ ગટર લાઈનો માટે પાઈપો પણ નાખવામાં આવેલ નથી, તેવા આક્ષેપો ગ્રામજનો લગાવી રહ્યા છે.

ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી કરતી એજન્સી દ્વારા કામગીરી અધુરી રાખેલ હોવા છતા એજન્સીને સરકારી અધિકારીઓ કાગળ પર કામગીરી પુરી બતાવી હોવાનુ દર્શાવી કરોડો રૂપીયા એજન્સીને ચુકવી મોટો ભ્રષ્ટાચાર આચર્યો હોવાની નગરજનો ચર્ચાઓ કરી રહ્યા છે, ત્યારે ભૂગર્ભ ગટર યોજના મા આચરવામા આવેલ ભ્રષ્ટાચાર મામલે ઉચ્ચ અધિકારીઓ સ્થળ તપાસ કરી દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામા આવે અને લીમખેડાની ભૂગર્ભ ગટર તાત્કાલિક શરૂ કરી લોકોને કનેક્શન આપવામા આવે તેવી લોકમાંગ ઉઠી છે, ત્યારે હવે કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થનારી ભૂગર્ભ ગટર શરૂ થશે કે કેમ? તે પણ કહેવુ મુશ્કેલ છે. ત્યારે ચુંટણી સમયે ઘરે ઘરે મત માગવા ફરતા રાજનેતાઓ જનતાને પડતી મુશ્કેલીના નિવારણ માટે ભ્રષ્ટ અધિકારીના કાન ક્યારે આમળશે અને જમીની સ્તર પર ભૂગર્ભ ગટરનુ કામ ક્યારે પુર્ણ કરાવી જનતાને લોકાર્પણ કરે છે તે આગામી સમયમા જોવાનુ રહેશે.

# દાહોદ તાલુકાના નગર સહિત અંતરિયાળ ગામોના કાચા રસ્તા હવે પાકા બનશે

દાહોદ,

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દાહોદ તાલુકાના ૧૦ કરોડના રસ્તાના કામ મંજૂર કરવામાં આવ્યા છે. દાહોદ તાલુકાના નગર વિસ્તાર સહિત અંતરિયાળ ગામોના કાચા રસ્તાઓ પાકા બનતાં નગરજનો તેમજ ગ્રામજનોની સુવિધામાં વધારો થશે. આ રૂ. ૧૦ કરોડના કામો અંતર્ગત ભાટીવાડા ગામતળ વિનોદભાઈ ઘરથી તળાવને જોડતો ડામરનો રોડ, દાહોદ એમજીવીસીએલની ઓફિસમાંથી એપીએમસી ગેટ નં. ૩ થઈ રળીયાતી, લક્ષ્મીનગરને જોડતો ડામરનો રોડનું કામ, રાછરડા રોઝ ફળિયા પ્રાથમિક શાળાથી મહુડી ફળિયા ખેંગ રોડ સુધી માટી મેટલ ડામર રોડનું કામ, નવાગામ પંચાયત ઓફિસથી રવાળીખેડા જતા માટી મેટલ ડામર રોડનું કામ, દાહોદ ચાકલીયા મુખ્ય રોડથી ઘડા ફળિયા થઇ ખરોડા ગામતળ સુધી માટી મેટલ ડામર રોડનું કામ, ખરોદા ગામે મુંડીયા ફળિયા પ્રાથમિક શાળા વર્ગથી ચાકલીયા મેઈન રોડને જોડતા માટી મેટલ ડામર રોડનું કામ, ખરોદા ગામે આલની તળાઈ પ્રાથમિક શાળા સુધી માટી મેટલ ડામર રોડનું કામ, છાપરી ગામે ઝાલોદ મુખ્ય રોડથી બાબુ નન્સુ હઠીલાના ઘર આગળથી અંધશાળા સુધી, મંડાવાવ ટાંડા રોડથી સબરાળા ડાંગી ફળીયા સુધી, ગલાલીયાવાડ ખરેડી મુખ્ય રોડથી હઠીલા ફળીયા થઈ દેલસર રોડને જોડતો ડામર રોડ, હિમાલા ગામે ભાભોર ફળીયા સ્મશાન ઘાટ સુધી ડામર રોડ, ગલાલીયા વાડ નદી ફળીયા ડામર રોડથી વજુ ભૂરીયાના પરા સુધી ડામર રોડ, ખરોદા ગામે આલની તળાઈ ડામર રોડથી સ્મશાન ઘાટ સુધી, ખરોદા ગામે સંગાડા ફળીયા, રાણા ફળીયાના ડામર રોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

# ઝાલોદ કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડિઝલ અને મોંઘવારીના વિરોધ પ્રદર્શન કરી આવેદન આપ્યું

દાહોદ

પેટ્રોલ – ડીઝલ સહિત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના સતત ભાવ વધારાના પગલે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજરોજ ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પણ આ મામલે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સરકાર પર વિવિધ આક્ષેપો કરી પેટ્રોલ – ડીઝલ સહિત ચીજ – વસ્તુઓના ભાવમાં ઘટાડો નહીં કરે તો આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી સાથે ઝાલોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ ઝાલોદ નગરમાં સાયકલ રેલી સહિત પગપાળા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી ઝાલોદ નગરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. રેલીમાં કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો સહિત કાર્યકરોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ રેલી ઝાલોદ પ્રાંત અધિકારીની કચેરીએ પહોંચી હતી જ્યાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યાનુસાર, કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર દ્વારા સૌનો સાથ સૌનો વિકાસ કહી સત્તામાં આવ્યા બાદ છેલ્લા દોઢ વર્ષથી કોરોના મહામારીના કારણે દેશની ગરીબ જનતાના ધંધા રોજગાર પડી ભાંગતાં જનતા આર્થિક રીતે પાયમાલ થઇ ગયેલ છે. તેવા કપરા સમયે ભાજપ સરકાર દ્વારા દેશની જનતાની ચિંતા કર્યા વગર હિટલર શાહી વલણ અપનાવી રાજ્ય સરકારની અનઘડ અને નિષ્ફળ નીતિ રીતીના કારણે સરકારના પોતાના ગણ્યા ગાંઠ્યા ઉદ્યોગપતિને ખુશ કરવા માટે ડીઝલ – પેટ્રોલ અને રાંધણગેસ તેમજ જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ ઉપર દિનપ્રતિદિન કમરતોડ ભાવ વધારો કરી દેશની જાહેર જનતાના પેટ પર લાત મારી જાહેર જનતાને મોંઘવારીના ખપ્પરમાં હોમી દેવાનું જે ષડયંત્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. જેના કારણે જાહેર જનતાને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને આર્થિક સંકડામણ પણ જાહેર જનતા અનુભવી રહી છે. ટૂંક સમયમાં સરકાર દ્વારા પોતાનું મનસ્વી ભર્યું વલણ નહીં બદલે અને જાહેર જનતાની ચિંતા કરી ભાવ વધારો પાછો નહીં ખેંચે તો આવનાર દિવસોમાં કોંગ્રેસ પક્ષ ઉગ્ર આંદોલન કરી જાહેર રસ્તા પર ઉતરશે તેવી ચીમકી પણ ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

# ફતેપુરા તાલુકાના રૂપાખેડામાં ઈન્ડિકા ગાડીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં બળીને ભસ્મીભૂત:ત્રણનો આબાદ બચાવ



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ફતેપુરા થી બલૈયા ક્રોસિંગ તરફ જતા હાઈવે માર્ગ ઉપર આજરોજ સાંજના સાડા ચારેક વાગ્યાના અરસામાં ઈન્ડીકા ગાડીમાં શોર્ટસર્કિટના કારણે આગ ભભૂકી ઉઠતાં તેમાં સવાર ત્રણ જેટલા વ્યક્તિઓ સમય સુચકતા વાપરી ગાડીમાંથી નીકળી જતા તેઓનો આબાદ બચાવ થવા પામ્યો હોવાનું જ્યારે ઈન્ડીકા ગાડી ઉપર આગે સંપૂર્ણ કાબુ મેળવી લેતા બળીને ભસ્મીભૂત થઇ ગઇ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ આજરોજ સાંજના સાડા ચારેક વાગ્યાના અરસામાં ફતેપુરા થી બલૈયા ક્રોસિંગ તરફ જતા માર્ગ ઉપર રૂપાખેડા પ્રાથમિક શાળા પાસે હાઈવે માર્ગ ઉપર ઈન્ડિકા કાર નંબર– જીજે.૦૧.એચએલ–૪૬૯૯ માં શોર્ટ સર્કિટના કારણે એન્જિનમાં આગ ભભૂકી ઉઠી હતી. જેની ચાલકને જાણ થતા તાત્કાલિક ગાડી ઉભી રાખી સમય સુચકતા વાપરી ગાડી બંધ કરી તેમાં સવાર અન્ય બે વ્યકિતઓ ગાડીની બહાર નીકળી જતા તેઓનો આબાદ બચાવ થવા પામ્યો હોવાનું જાણવા મળે છે. જ્યારે આ ગાડી ઉપર આગે સંપૂર્ણ કાબૂ મેળવી લેતા બળીને ભસ્મીભૂત થઇ જવા પામી હોવાનું જાણવા મળે છે. તેમજ હાજર લોકો દ્વારા જાણવા મળ્યા મુજબ આ ઈન્ડિકા કાર રૂપાખેડાની હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# લીમખેડાના ઉસરા ગામ નજીક અજાણ્યા વાહનની ટકકરે ૩૫ વર્ષીય અજાણી મહિલાનું મોત

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પોલીસીમળ ગામે ઉસરા બસ સ્ટેશન નજીક એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતી પસાર થતી એક આશરે ૩૫ વર્ષીય ભીખારી જેવી લાગતી મહિલાને અડફેટમાં લઈ પોતાનું વાહન લઈ નાસી જતાં અજાણી મહિલાનું ઘટના સ્થળ પરજ મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૭મી જુલાઈના રોજ પોલીસીમળ ગામે ઉસરા બસ સ્ટેશન નજીક એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાંથી આશરે ૩૫ વર્ષીય ઉંમરની ભીખારી જોવાતી અજાણી મહિલા પસાર થઈ રહી હતી. આ અજાણી મહિલાને અજાણ્યા વાહનના ચાલકે જોશભેર ટક્કર મારી નાસી જતાં અજાણી મહિલાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં અજાણી મહિલાનું ઘટના સ્થળ પરજ મોત નીપજ્યું હતું.

આ સંબંધે લીમખેડા તાલુકાના ઉસરા ગામે પટેલ ફળિયામાં રહેતાં સુરેશભાઈ જેસીંગભાઈ મુનીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પાલિકા સામાન્ય સભામાં ૧૬ સમિતિ ચેરમેનની વરણી કરાઈ

દાહોદ,

દાહોદ નગર પાલિકામાં આજરોજ ત્રિમાસીક સામાન્ય સભા મળી હતી. ઘણા લાંબા સમયથી વિવિધ સમિતિઓના ચેરમેનોને વરણી મોકુફ હતી. આ વિવિધ શાખાઓમાં આજરોજ ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. ૧૬ જેટલા ચેરમેનોની વરણી કરવામાં આવી છે.બપોરના ૧૨.૩૦ કલાકે દાહોદ નગરપાલિકાના સભાખંડમાં મળેલ ત્રિમાસીક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદ નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર સહિત શહેરના વોર્ડના કાઉન્સીલરો સહિત કાર્યકરો આ સામાન્ય સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. લાંબા સમયથી ચેરમેનોની વરણીનો આતુરતાનો આજે અંત આવ્યો હતો. બાંધકામ સમિતિમાં ભાવનાબેન મનોજકુમાર વ્યાસને ચેરમેન તરીકે નિયુંક્ત કરવામાં આવ્યાં છે. ટાઉન પ્લાનીંગ સમિતિમાં નિરજભાઈ (ગોપી) નિકુંજભાઈ દેસાઈ, આરોગ્ય સમિતિમાં દિપેશકુમાર રમેશચંદ્ર લાલપુરવાલા, વોટર સપ્લાય સમિતિમાં નુપેન્દ્ર પ્રવિણકુમાર દોશી, દિવબત્તી સમિતિમાં અહેમદભાઈ રસુલભાઈ ચાંદ, બાગબગીચા સમિતિમાં માસુમાબેન મહંમદ ગરબાડાવાલા, એસ્ટ્રાબ્લીશર મેન્ટ સમિતિમાં તુલસીભાઈ હોતચંદ જેઠવાણી, ફાયર સમિતિમાં લલિતભાઈ રમણભાઈ પ્રજાપતિ, કાયદા સમિતિમાં રંજનબેન કિશોરકુમાર રાજહંસ, સમાજ કલ્યાણ સમિતિમાં ચંદ્રકાંતા ગોપાલભાઈ ધાનકા, રમતગમત અને સાંસ્કૃતિક સમિતિમાં સુજાનકુમાર હિંમતસિંહ કિશોરી, લાઈબ્રેરી સમિતિમાં વાસીફભાઈ યુસુફખાન પઠાણ, શોપ્સ એન્ડ એસ્ટ્રાબ્લીશર સમિતિમાં કિંજલબેન શાલિનકુમાર પરમાર, મેઈનટન્સ ડિપાર્ટમેન્ટ સમિતિમાં બિજલભાઈ જોગાભાઈ ભરવાડ, પાર્કીંગ કમીટી સમિતિમાં પ્રેમિલાબેન વિનોદભાઈ ક્ષત્રિય અને એપીએમસીમાં હિમાંશુભાઈ રમેશચંદ્ર બબેરીયાને ચેરમેન પદ પર નિયુંક્ત કરવામાં આવ્યાં હતાં.

# દે.બારીચા શહેરના ભેદરવાજાની બહાર ખોદેલો ખાડો કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ પુરાણ કરાશે !!!


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના પાણી પુરવઠા શાખાની એક નાની બેદરકારી મોટી દુર્ઘટના સર્જાય તેની રાહજોઈને બેઠું છે કે શું ? પાણીના લીકિજને રીપેર કરવા માટે ખાડો ખોદેલ છે. જે છેલ્લા પંદર દિવસ થી થયો હોવા છતાં પૂરણ કરાયો નથી.

મળતા સૂત્રો મુજબ દે.બારીયાના ભેદરવાજા બહાર મેન રોડ જે પાવાગઢ યાત્રાળુઓ માટેનો મુખ્ય માર્ગ તરીકે ઉપયોગ થાય છે. હાલમાં પાવાગઢ યાત્રાધામ જતા શ્રધ્ધાળુઓ આ રોડ ઉપર થી પગપાળા જતા આવતાં આ મુખ્ય રોડનો ઉપયોગ કરતા હોય છે. જેથી આ ખાડો છે. તેમાં કોઈ શ્રધ્ધાળુ ખાબકશે ત્યારબાદ આ ખાડાનને પૂરણ કરવામાં આવશે કે શું ? કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા આ ખાડો પૂરણ થાય તો કોઈપણ શ્રધ્ધાળુને હાનિ ના પહોંચે તેથી નગરપાલિકાનું પાણી પુરવઠા શાખા આ ખાડાનું વહેલીતકે પૂરણ કરે તેવી દે.બારીયાની ધર્મપ્રેમી આમ જનતાની બુલંદ માંગ ઉઠવા પામી છે. મા પાવાગઢવાળી કાલીકા માતાના દર્શન માટે જતા શ્રધ્ધાળુઓને આવતા શ્રવણ પવિત્ર માસમાં કોઇ તકલીફ ના થાય તે માટે માર્ગ અને મકાન વિભાગ પણ દે.બારીયા માંથી પસાર થતો આર.સી.સી. વીથ ડામરનો રોડનો સમારકાર્ય હાથ ધરે તે ખાસ અનિવાર્ય છે. પાવાગઢ યાત્રાળુઓને પગપાળા અથવા વાહનોમાં યાત્રામાં સરળતા રહેશે.

# લીમખેડા અને ફતેપુરા માંથી યુવક-યુવતિ અને ૦૧ વર્ષીય બાળકી મળી ત્રણ ગુમ થયાની ફરિયાદ

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા અને ફતેપુરા તાલુકામાંથી એમ બે જુદી જુદી જગ્યાએથી એક ૨૨ વર્ષીય યુવક સહિત એક ૨૮ વર્ષીય અને તેની સાથે એક ૦૧ વર્ષીય બાળકી મળી કુલ ત્રણ વ્યક્તિઓ ગુમ થયા હોવાની જાણવા જોગ પોલીસ મથકમાં નોંધાતાં પોલીસે આ ત્રણેય વ્યક્તિઓની ભાળ મેળવવાના ધમપછાડાઓનો આરંભ કર્યો છે.

લીમખેડા તાલુકાના દુધિયાઘરા ગામે નિશાળ ફળિયામાં રહેતો ૨૨ વર્ષીય અને કોલેજમાં અભ્યાસ કરતો મિતેશકુમાર રાજેશકુમાર બારીયા (ભુરીયા) ગત તા.૨૦.૦૭.૨૦૨૧ના રોજ ઘરેથી કોલેજ જાઉં છું, તેમ કહી પરિવારજનોને જણાવી ઘરેથી નીકળ્યાં બાદ સાંજ સુધી ઘરે પરત આવ્યો ન હતો જેથી મિતેશકુમારના પરિવારજનોએ પોતાના સ્વજનો, મિતેશકુમારના મિત્રો સહિત આસપાસમાં મિતેશની તપાસ કરતાં આજદિન સુધી મિતેશનો કોઈ પત્તો ન લાગતાં આખરે હારી થાકેલા મિતેશના પરિવારજનો દ્વારા આ સંબંધે લીમખેડા પોલીસ મથકે મિતેશ ગુમ થયાની જાણવા જોગ આપતાં પોલીસે મિતેશની શોધખોળના ચક્રોગતિમાન કર્યાં છે.

ફતેપુરા તાલુકાના લીમડીયા ગામે રહેતી ૨૮ વર્ષીય યુવતી અલ્પનાબેન રમેશભાઈ ગરાસીયા પોતાની સાથે પોતાના જ પરિવારની ૦૧ વર્ષીય ચાંદનીબેન અશ્વિનભાઈ તાવીયાડને લઈ ગત તા.૦૧.૦૭.૨૦૨૧ના રોજ ઘરેથી કોઈને પણ કંઈ પણ કહ્યાં વગર નીકળી ગઈ હતી. પરિવારજનો દ્વારા આ બંન્નેની પોતાના સગા સંબંધીઓ સહિત મિત્રોમાં તેમજ આસપાસમાં તપાસ કરવા છતાંયે ગુમ થયેલ ૨૮ વર્ષીય અલ્પનાબેન અને ૦૧ વર્ષીય ચાંદનીબેનનો કોઈ પત્તો ન લાગતાં પરિવારજનોએ પોલીસના દરવાજા ખટખટાવ્યાં હતાં અને આ મામલે ફતેપુરા પોલીસ મથકે જાણવા જોગ આપતાં પોલીસે ઉપરોક્ત બંન્નેની શોધખોળના તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

# ગરબાડાના આંબલી ગામે બળદને કરંટ લાગતા મોત

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના આંબલી ગામે ખેતરમાં ઘાસ ચરતી વખતે એક બળદ નજીકમાં આવેલ વીજ ડીપીને અકસ્માતે અડી જતાં બળદનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૭મી જુલાઈના રોજ આંબલી ગામે મેડા ફળિયામાં રહેતાં સાબુભાઈ માલાભાઈ ડામોરના બે બળદોને ઘાસ ચરાવવા સારૂ પોતાના ખેતરમાં છોડ્યાં હતાં. આ દરમ્યાન એક બળદ ઘાસ ચરતો ચરતો ખેતરની નજીકમાં આવેલ એક વીજ ડીપીને અકસ્માતે અડી જતાં એક બળદનું મોત નીપજ્યું હતું.આ સંબંધે સાબુભાઈ માલાભાઈ ડામોરે જેસાવાડા પોલીસ મથકે જાણવા જોગ આપતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 287

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# આનંદો.... આનંદો...ગોધરા સિવિલ હોસ્પિટલમાં વધુ એક CT Scan મશીન ફળવાયું : એક CT Scan મશીન ધુળ ખાઈ રહ્યું છે : ત્યારે શું બીજું CT Scan મશીન ફળવાતા ધુળ ખાશે કે કાર્યવંત રહેશે...?



ગોધરા,
પંચમહાલ જીલ્લની ગોધરા સિવિલ હોસ્પિટલમાંથી દર્દીઓ મોટી સંખ્યામાં સારવાર માટે આવતાં હોય છે. જીલ્લાની સરકારી હોસ્પિટલમાં આવતાં દર્દીઓને સીટી સ્કેન માટે વડોદરા સુધી લાંબા થવું પડતું હતું. જેને લઈ રાજય સરકાર દ્વારા ૨૦૦૭ના વર્ષમાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન ફાળવવામાં આવ્યું હતું પરંતુ સીટી સ્કેન મશીન માત્ર ઉદ્ઘઘાટન બાદ ચાલુ કરવામાં આવ્યું ન હતું અને જીલ્લાના દર્દીઓ માટે લાખો રૂપીયાના ખર્ચે મુકાયેલ સીટી સ્કેન મશીન હાલ પણ ધુળ ખાઈ રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં ૨૦૦૭માં ફળવાયેલ સીટી સ્કેન મશીન ઓપરેટરના અભાવે બંધ પડયું હતું અને તેના લાભ દર્દીઓ લઈ શકયા નથી. ત્યાં આજરોજ રાજય સરકાર દ્વારા ૧૭ જીલ્લાઓમાં સીટી સ્કેન મશીન ફાળવવાની જાહેરાત કરાઈ છે. તેમાં ગોધરા સિવિલ હોસ્પિટલનો સમાવેશ કરાયો છે અને ગોધરા સિવિલને સીટી સ્કેન મશીન ફળવાશે પરંતુ સીટી સ્કેન મશીન માટે તર્જજ્ઞ તબીબ અને ઓપરેટર ફાળવાશે ખરા ? કે અગાઉની જેમ ગોધરા સિવિલમાં સીટી સ્કેન મશની ધુળ ખાશે તે જોવું રહ્યું.

પંચમહાલ જીલ્લામાં કોરોના મહામારીમાં ફેફસાના સંક્રમણની તપાસ કરવા માટે સીટી સ્કેનની દર્દીઓને જરૂરીયાત ઉભી થઈ હતી પરંતુ ગોધરા કોવિડ-૧૯ હોસ્પિટલ દ્વારા કોરોના સંક્રમિત દર્દીઓને સીટી સ્કેન માટે ખાનગી લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા. કોરોના મહામારીકાળમાં આર્થિક સંકટમાં પણ દર્દીઓને સીટી સ્કેન માટે ખાનગી લેબમાં નાણા ચુકવવા પડયા હતા. ગોધરા સિવિલ હોસ્પિટલમાં ૨૦૦૭ના વર્ષથી સીટી સ્કેન મશીનની સુવિધા ધરાવે છે પરંતુ સીટી સ્કેન તજજ્ઞ તબીબ અને ઓપેરટરના અભાવે સિવિલ હોસ્પિટલમાં લાખો રૂપીયાના ખર્ચે ફળવાયેલ સીટી સ્કેન મશીન ધુળ ખાઈ રહ્યું છે. ૨૦૦૭ના વર્ષમાં તત્કાલીન આરોગ્ય પ્રધાન અશોક ભટ્ટના વરદ હસ્તે સિવિલ હોસ્પિટલના સીટી સ્કેન મશીનનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. પરંતુ ગોધરા સિવિલ હોસ્પિટલમાં ફળવાયેલ સીટી સ્કેન મશીનની સેવા દર્દીઓ લઈ શકયા નથી.

ગોધરા સિવિલ હોસ્પિટલનું સીટી સ્કેન મશીન કાર્યવંત હોય તો કોરોના મહામારી જેવા કપરાકાળમાં દર્દીઓ માટે આર્શીવાદ સમાન બની હોત અને ખાનગી લેબમાં સીટી સ્કેન માટે જે આર્થિક ભારણ વેઠવું પડયું તેનાથી બચી શકયા હોત પરંતુ જીલ્લાની ગોધરા સિવિલ હોસ્પિટલના સીટી સ્કેન મશીનને કાર્યવંત કરાવવા માટે હોસ્પિટલના સત્તાવાળાઓએ કોઈ રાજકીય તેના દ્વારા પ્રયત્નો કરીને સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન માટે તર્જજ્ઞ તબીબ અને ઓપરેટરની ફાળવણી કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

આજરોજ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા ૧૭ જીલ્લાકક્ષાની હોસ્પિટલો માટે ૮૨.૫૦ કરોડના ખર્ચે સીટી સ્કેન મશીનની સુવિધા ઉપલબ્ધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ગોધરા સિવિલ હોસ્પિટલને પણ સીટી સ્કેન મશીન ફાળવવામાં આવનાર છે. ગોધરા સિવિલ હોસ્પિટલમાં પૂનઃ બીજી વખત સીટી સ્કેનની સુવિધા ઉપલબ્ધ થવાની છે પરંતુ શું સરકાર દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલમાં ફાળવનાર સીટી સ્કેન મશીન માટે તર્જજ્ઞ તબીબ અને ઓપરેટરની ફાળવણી કરાવવામાં આવશે કે પણ જીલ્લાની સિવિલ હોસ્પિટલમાં ૨૦૦૭ના વર્ષથી ફળવાયેલ સીટી સ્કેન મશીન દર્દીઓના ઉપયોગમાં આવ્યા વગર કડમ હાલતમાં આવ્યું છે. તેવી આ સીટી સ્કેન મશીનની સ્થિતી ઉભી થાય તેવા પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવે તે પણ જરૂરી છે.

- CT Scan ૨૦૦૭ થી સીટી સ્કેન મશીન હોવા છતાં તર્જજ્ઞ તબીબ અને ઓપરેટરના અભાવે બિનઉપયોગી કન્ડમ હાલત
- આજરોજ નાયબ મુખ્યમંત્રી દ્વારા ૧૭ જીલ્લાની સરકારી હોસ્પિટલમાં સીટી સ્કેન મશીનની જાહેરાત ગોધરા સિવિલનો સમાવેશ.
- ગોધરા સિવિલને CT Scan મશીન ફળવાય તે પહેલા તર્જજ્ઞ તબીબ અને ઓપરેટર ફળવાય તે જરૂરી.
- સિવિલમાં CT Scan મશીન શરૂ થાય તો ગરીબ દર્દીઓ માટે આર્શીવાદ સમાન.

## તલાટી શબાના શેખ એસીબી દ્વારા અપ્રમાણસર મિલ્કતમાં પકડાયેલ હતા તેના દ્વારા રશીયા જવા માટે કોર્ટમાં પાસપોર્ટ મેળવી કતર દેશ જઈ શરત ભંગ કર્યો

ગોધરા,
ગોધરા તાલુકાના ભામૈયા ગામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા શબાના કૈયુમ અબ્દુલ સત્તાર શેખને એસીબી દ્વારા અપ્રમાણસર મિલ્કત કેસમાં ઘરપકડ કરાઈ હતી અને હાઈકોર્ટ માંથી પોતાની રેગ્યુલર જામીન મેળવ્યા હતા અને કોર્ટમાં જમા થયેલ પાસપોર્ટ પોતાની દિકરીને રશીયા મુકવા જવાના નામે શરતી રીતે પરત મેળવેલ હતો. પરંતુ દિકરી એકલી રશીયા ચાલી જતાં આરોપીને રશીયા જવાનું રહેતું ન હતું. તેમ છતાં પાસપોર્ટ મેળવીને કોર્ટની મંજુરી વગર કતર દેશ ખાતે જતા રહ્યા હોવાનું જણાઈ આવતાં કોર્ટની શરતોનું પાલન કરેલ ન હતું અને સમય મર્યાદામાં પાસપોર્ટ કોર્ટમાં જમા નહિ કરાવતા અરજદાર/ આરોપી ડીપોઝીટી પેટે જમા કરાવેલ ૨,૦૦,૦૦૦/- રૂપીયા પરત મેળવવાની અરજી ખાલસા કરવાનો હુકમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો.ગોધરા તાલુકાના ભામૈયા ગામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા શબાના કૈયુમ અબ્દુલ સત્તાર શેખને એસીબી દ્વારા અપ્રમાણસર મિલ્કતના ગુનામાં ૭ જુલાઈ ૨૦૧૯ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને રીમાન્ડ પુરો થતાં સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકવામાં આવી હતી. તે નામંજુર કરાઈ હતી. આથી અરજદાર/ આરોપી શબાના શેખ દ્વારા હાઈકોર્ટમાં જામીન અરજી મુકવમાં આવી હતી અને ૧૬ માર્ચ ૨૦૧૯ના રોજ જામીન મુકત થયેલ હતા. બાદમાં અરજદાર / આરોપી શબાના શેખ દ્વારા પોતાની દિકરીને રશીયા મુકવા માટે પાસપોર્ટ મેળવેલ હતા પરંતુ તેમની દિકરી એકલી રશીયા ચાલી ગયેલ હતી. જેથી તેમને રશીયા જવાનું રહેતું ન હતું. તેમ છતાં કોર્ટ માંથી રશીયા જવા મેળવેલ પાસપોર્ટ થી ૨૪ ઓકટોમ્બર ૨૦૧૯ થી ૨ નવેમ્બર ૨૦૧૯ સુધી કતર દેશ ચાલ્યા ગયા. કોર્ટ માંથી રશીયા જવા માટે મેળવેલ પાસપોર્ટની શરતો પ્રમાણે રશીયા જવા અને આવવા સુધીની તમામ વિગતો આપવાની શરતે પાસપોર્ટ આપવામાં આવ્યો હતો. તેનું પાલન કરવામાં આવ્યું ન હતું.

રશીયા થી પરત ફર્યાના પાંચ દિવસમાં તપાસ અધિકારીને રીપોર્ટ કરવાની શરતે પાસપોર્ટ આપવામાં આવ્યો હતો. તેનું પાલન કરેલ ન હતું. આરોપી/અરજદાર શબાનાબેન શખને રશીયા જવા માટે પાસપોર્ટ શરતોને આધિન આપવામાં આવ્યો હોવા છતાં રશીયા નહિ જઈને કતર દેશમાં ગયેલ હોય અને શરતોનો ભંગ કરેલ હોય જેથી રશીયા જવા માટે શરતોને આધિન પાસપોર્ટ માટે ૨,૦૦,૦૦૦/-રૂપીયા ડિપોઝીટ ભરેલ હતી. તે પરત મેળવવા માટે અરજી કરેલ હતી. તેની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં આરોપી / અરજદાર દ્વારા કોર્ટની શરતોનું પાલન કરેલ ન હોય અને કોર્ટને ગેરમાર્ગે દોરીને પાસપોર્ટ મેળવેલ હોય જેથી પાસપોર્ટ જમા કરાવેલ ૨,૦૦,૦૦૦ લાખ રૂપીયાની ડીપોઝીટ પરત મેળવવાના હક રહેતો હોય તેવા હુકમ કરવામાં આવ્યો.

રશીયા જવા માટે કોર્ટ માંથી મેળવેલ પાસપોર્ટ થી કતર દેશ જઈ શરતોનો ભંગ કરતાં ડીપોઝીટની બે લાખ રકમ પરત ન કરાયાનો હુકમ કોર્ટ દ્વારા કરાયો.

## શહેરા તાલુકાની ભેંસાલ પંચાયત જર્જરીત હાલતમાં તલાટી અને અરજદારોને મુશ્કેલીઓ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાની ત્રણ હજારની વસ્તી ધરાવતી ભેંસાલ ગામ પંચાયત પાછલા ચાર વર્ષથી જર્જરિત હાલતમાં છે. તલાટી-કમ-મંત્રી રાજીવ ગાંધી ભવન ખાતે બેસીને પોતાની કામગીરી કરતા હોય ત્યાં પણ છત પરથી વરસાદી પાણી જમીને ટપકતા અહી આવતા અરજદારોને ભારે હાલાકી પડી રહી છે.

શહેરા તાલુકાની ત્રણ હજારની વસ્તી ધરાવતી ભેંસાલ ગામની ગ્રામ પંચાયત ચાર વર્ષથી જર્જરિત હાલતમાં છે. જેને લઈને તલાટી કમ મંત્રી રેખાબેન રાજીવ ગાંધી ભવન ખાતે બેસીને પોતાની નૈતિક ફરજ બજાવી રહયા છે. હાલ તલાટી કમ મંત્રી જે જગ્યા એ બેસીને અરજદારોના કામ કરી રહ્યા હોય તે છત પરથી વરસાદી પાણી જમીને ટપકી રહ્યું છે. ગ્રામ પંચાયત કચેરી નવીન બને તે માટે સરપંચ અને તલાટી કમ મંત્રી દ્વારા તાલુકા પંચાયત તેમજ લાગતી વળગતી કચેરી ખાતે લેખિત અને મૌખિક રજુઆત કરવામા આવી હતી. ગ્રામ પંચાયત કચેરી નવીન બનાવવા માટે મંજૂરી નહીં મળતા નાછૂટકે પાછલા કેટલાક વર્ષથી તલાટી કમ મંત્રી ગામનો વહિવટ રાજીવ ગાંધી ભવન ખાતે બેસીને કરી રહ્યા હોય ત્યારે જવાબદાર તંત્ર ઉપરોકત બાબતને કયારે ગંભીરતા લેશે તેતો જોવુજ બની રહ્યુ છે. ભેંસાલ ગામની ગ્રામ પંચાયત નવીન બને તે માટે ગામના જાગૃત ગ્રામજનો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે.

## ગોધરા કેન્દ્રીય વિદ્યાલયની ધો.પની વિદ્યાર્થીએ અમદાવાદ જીલ્લાકક્ષાના કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો




ગોધરા,
ધો ૧ થી ૪ કેન્દ્રીય વિદ્યાલય ગોધરામાં અભ્યાસ સાથે કરાટે માં orange belt મેળવી અને VADO RIYU KARATE ASSOCIATION ની રાજ્ય તથા રાષ્ટ્રિય કરાટે ની સ્પર્ધા માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા બાદ રમત ગમત માં ખુબજ રસ હોય G.M.I.S. અમદાવાદ Y.T. માં ધો ૫ માં DLSS સંસ્કાર ધામ માં પ્રવેશ મેળવ્યો. સંસ્કાર ધામમાં football ની રમત પસંદ કરી અને ધો ૫ માં અમદાવાદ જિલ્લા કક્ષા એ કરાટે માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ નૈત્ય ઉંમર વર્ષ ૧૧ અભ્યાસ ધો.૭ G.M.I.S. એ સંસ્કાર ધામ માટે ગૌરવ રૂપ કહી શકાય તેવી સિદ્ધિ મેળવેલ છે.
૧. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ માં ૩૦ સેકન્ડ માં ૫૧ Push-up કરી નામ નોંધાવેલ છે

## મોરવા (હ) ખાતે શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસ નિમીત્તે વૃક્ષારોપણ કરાયું



મોરવા(હ),
મોરવા હડફ ખાતે શિવસેનાના પ્રમુખ અને મહારાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના ના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પંચમહાલ- મહિસાગર જીલ્લાના પ્રમુખ લાલાભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ શિવસેનાના પ્રમુખ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના ૬૧માં જન્મ દિવસની ઉજવણી કરવામા આવી હતી. જેમા શિવસૈનિકોએ કેકકાપીને એક બીજાને મોઢુમીંઠુકરાવીને જન્મદિવસની ઉજવણી કરી હતી. સાથે પર્યાવરણ શુધ્ધ રહે તેવા શુભઆશય સાથે મોરવા ખાતેઆવેલી સરકારી વિનયન કોલેજના કંપાઉન્ડમા વૃક્ષારોપણ કર્યુ હતું. શિવસૈનિકોએ વિવિધ જાતના વૃક્ષોની રોપણી કરી હતી. શિવસૈનિકો ચેતનભાઈ બારિયા, રવિભાઈ વણઝારા, રાહુલભાઈ બારિયા, જીગરભાઈ મહેન્દ્રભાઈ સહીતનાઓ હાજર રહીને કાર્યક્રમ શાંતિપુર્ણ માહોલમા સફળ બનાવ્યો હતો.

## ગોધરાની ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગોધરા,
વૃક્ષોનું માનવજીવનમાં અમૂલ્ય સ્થાન છે.વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષો વાદળાને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. આજે સમગ્ર વિશ્વમાં વૃક્ષારોપણ તથા પર્યાવરણ બચાવો સંદર્ભે જનજાગૃતિ કાર્યક્રમો થઈ રહયા છે.જેમા ગત વર્ષથી કોરોના મહામારીના કપરા સમયે ઑકિસજનના અભાવે માનવ જાતને હાલાકી વેઠવી પડી હતી.જે મહામૂલી કુદરતી ભેટને પ્રાપ્ત કરવા અને પર્યાવરણને બચાવવાના ભાગરૂપે આજ રોજ ગોધરા પશ્ચિમ વિસ્તારમાં આવેલ ખ્યાતનામ એવી ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય તથા શિક્ષક ગણ સહિતે ઉત્સાહભેર પચાસ જેટલા વૃક્ષો વાવી શાળાની શોભા વધારી હતી.

## ગોધરા ભુરાવાવ ગૌશાળામાં ગાયોની દયનિય સ્થિતી



ગોધરા શહેર ભૂરાવાવ વિસ્તારમાં આવેલ ગૌ શાળાની ખૂબ દયનીય સ્થિતિ, અંદર ગાય માતાઓ પણ ખૂબ ખરાબ સ્થિતિ, ગંદવાડમાં રહી રઈ છે. ટ્રસ્ટ દવારા નામ ખાતર પણ દયાન આપવામાં નથી આવી રહ્યું. લાગે છે, માતાના નામે કમાવાવાળાઓએ કમાઈ લીધું છે. હવે તેમને કોઈ જરૂરિયાત નથી. એટલે હવે દયાન નથી આપતા. ગાયોને ગૌ શાળામાં જ કોઈ મૂળભૂત સુવિધાઓ નથી. ધર્મ પ્રેમીઓ માટે લાલબતી સામાન કિસ્સો.